# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

**1)** વધુને વધુ લોકો અંગદાન તરફ પ્રેરાય તે માટે સતત પ્રયાસ કરવા મુખ્યમંત્રીનું અંગદાન અંગેની વાર્ષિક કોન્ફરન્સમાં આહ્વાન

**2)** રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 6 કરોડ રૂપિયાથી વધુનો શંકાસ્પદ ખાદ્ય પદાર્થનો જથ્થો જપ્ત કરાયો

**3)** હેલ્મેટના કાયદાનો કડકાઇથી અમલ કરવા ગુજરાત હાઇકોર્ટનો આદેશ. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ પણ હવે ફરજ દરમિયાન દ્વીચક્રી વાહનની સવારી દરમિયાન ફરજીયાત હેલ્મેટ પહેરવું પડશે

**4)** ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે ખેડૂતો પાસેથી ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઇની લઘુતમ ટેકાના ભાવે લાભપાંચમથી ખરીદી કરાશે

**5)** ગૂજરાત વિદ્યાપીઠના 105માં સ્થાપના દિનના સમાપન પ્રસંગે રાજ્યપાલ ગાંધી ગ્રામજીવન પદયાત્રાની ટુકડીને પ્રસ્થાન કરાવશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ISOT ANNUAL CONFERENCE

અમદાવાદ ખાતે 'ઈન્ડીયન સોસાયટી ઓફ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની 34મી વાર્ષિક કોન્ફરન્સ યોજાઈ હતી

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ભૂષણ ગવઈ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ કોન્ફરન્સમાં અંગદાન પ્રત્યે લોકજાગૃતિ કેળવવા ઉપર ભાર મૂકાયો હતો.

'અંગદાન થકી જીવનદાન'એજ સર્વશ્રેષ્ઠ દાન છે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.. જ્યારે અંગદાન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટમાં લીગલ સિસ્ટમ અને લીગલ ફ્રેમવર્કની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનો મત સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ભૂષણ ગવઈએ વ્યક્ત કર્યો હતો.. સમાજમાં અંગદાન ક્ષેત્રે પ્રવર્તતી જાતિગત અસમાનતા રોકવા માટે સામાજિક જાગૃતિની આવશ્યકતા હોવાનું ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે જણાવ્યું હતું.

આ પ્રસંગે રીનલ પેથોલોજી એકસપ્રેસ નામના પુસ્તકનું વિમોચન કરાયું હતું તેમજ અંગ દાતા અને અંગ મેળવનારની યોગ્ય મેચ મેળવી આપતું ISOT સ્વેપ સોફ્ટવેર પણ આ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. અંગદાન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ અંગે નોંધપાત્ર કામગીરી કરનારા લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# FOOD SAFETY WEEK

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તહેવારોને પગલે 3થી 17 ઑક્ટોબર દરમિયાન ‘ફૂડ સેફ્ટી પખવાડિયા’નું આયોજન કરાયું હતું. દરમિયાન ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 6 કરોડ, 3 લાખ રૂપિયાથી વધુનો શંકાસ્પદ ખાદ્ય પદાર્થનો જથ્થો પકડાયો હતો.

આ સંદર્ભે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડાં થાય તેવી અખાદ્ય ચીજ વસ્તુઓ બનાવતા તેમજ ભેળસેળ કરતા વેપારીઓને સરકારી સાંખી નહીં લે, અને તેમની સામે કડક કાર્યવાહી કરાશે.

આ પ્રસંગે ખોરાક ઔષધ નિયમન તંત્રના કમિશ્નર એચ. જી. કોશિયાએ આ મુજબ જણાવ્યું.

(BYTE – એચ. જી. કોશિયા, ફૂડ એન્ડ ડ્રગ સેફ્ટી કમિશ્નર )

---------------------------------------------------------------------

- INFO/PTC GANDHINAGAR/SUNITA

-(NAVIN)

# HC HELMET

અમદાવાદમાં ટુ વ્હીલર પર અવર-જવર કરતા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓએ ફરજિયાત પણે હેલ્મેટ પહેરવા ગુજરાત હાઇકોર્ટે આદેશ આપ્યો છે.

અમદાવાદ શહેર પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં તમામ પોલીસ અધિકારી અને કર્મચારીઓ  યુનિફોર્મમાં કે સિવિલ ડ્રેસમાં હોય અને પોતાના ફરજના સ્થળે તેમજ અન્ય સ્થળે અવર જવર કરવા માટે ટુ વ્હીલર પર જતા હોય ત્યારે ફરજીયાત પણે હેલ્મેટ પહેરવાનું રહેશે.

પોલીસ કમિશનર કચેરી ખાતે ફરજ બજાવતાં પોલીસ અધિકારી, કર્મચારી, સિવિલિયન સ્ટાફ કચેરી ખાતે ટુ વ્હિલર ચલાવીને આવતાં સમયે ફરજીયાતપણે હેલ્મેટ પહેરે તે અંગેને ચકાસણી કચેરીના તમામ એન્ટ્રો,એકઝીટ પોઈન્ટ પર યોગ્ય સંખ્યામાં પોલીસ કર્મચારીઓની નોકરીની ફાળવણી કરી હેલ્મેટ પહેરે છે કે કેમ તેની ચકાસણી કરાવવાની રહેશે. ચકાસણી દરમ્યાન જે કર્મચારીઓ હેલ્મેટ પહેર્યા વગર ફરજ પર આવે તેઓને ઓફિસમાં પ્રવેશ આપવાનો રહેશે નહીં. તમામ પોલીસ સ્ટેશન અને કચેરીઓ ખાતે પણ આ જ રીતે અમલ કરવાની સૂચના આપવામાં આવી છે.

પોલીસ કમિશનરે આ મામલે પરિપત્ર કરી તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવા અંગેની સૂચનાનું પાલન કરવા જણાવ્યું છે.

---

- PTC AHMEDABAD- HARSHAL PANDYA

-(NAVIN)

# TRAIN THE TRAINER WORKSHOP

ગુજરાતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે આયોજિત પાંચ દિવસીય "ટ્રેઈન ધ ટ્રેનર" કાર્યક્રમનો ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં સમાપન સમારંભ યોજાયો હતો..

'ટ્રેઈન ધ ટ્રેનર' વર્કશોપ અંતર્ગત રાજ્યમાં સૌથી મોટી પાંચ દિવસીય ફેકલ્ટી ટ્રેનિંગ NEP 2020 યોજાઇ હતી જેમાં 200થી વધુ લોકોએ ભાગ લીધો હતો

"ટ્રેઈન ધ ટ્રેનર" તાલીમ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે NEP-2020ના સુચારુ અમલીકરણ થકી વિદ્યાર્થીઓમાં રોજગાર કુશળતા કેળવાય તે માટે શિક્ષકો અને આચાર્યોને સજ્જ કરવાનો પ્રયાસ કરાયો હતો..

NEP 2020નું ગુજરાતમાં થયેલ અમલીકરણ અન્ય રાજ્યો માટે રોલ મોડલ પૂરવાર થશે તેવો મત વ્યક્ત કરાયો હતો.

------------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# BREAST CANCER AWARENESS MONTH

ઓક્ટોબર મહિનો બ્રેસ્ટ કૅન્સર જાગૃતિ મહિના તરીકે ઉજવણી કરવામાં આવે છે. અમદાવાદ સિવિલ મેડિસિટીની ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ- GCRI દ્વારા આ સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન કરાયું છે.

જેના ભાગરૂપે આજે GCRI ખાતે લોક દરબારનું આયોજન કરાયું છે. જેમાં બ્રેસ્ટ કેન્સર સંદર્ભે મહિલાઓની ચિંતા, મૂંઝવણો અને તેમના પ્રશ્નોના જવાબ નિષ્ણાંત તબીબો દ્વારા આપવામાં આવશે.

આ સંદર્ભે GCRIના ડાયરેક્ટર શ્રી શશાંક પંડ્યાએ વધુ માહિતી આપી

**(બાઇટ - GCRIના ડાયરેક્ટર શ્રી શશાંક પંડ્યા)**

---------------------------------------------------------------------

- અપર્ણા ખૂંટ /હેમાંગીની -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# KHARIF KHARIDI

ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે ખેડૂતો પાસેથી ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઇની લઘુતમ ટેકાના ભાવે લાભપાંચમથી ખરીદી કરાશે. બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ.ક્વિન્ટલ ૩૦૦ રૂપિયાનું બોનસ  પણ અપાશે

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે તા. ૩૧ ઓકટોબર ૨૦૨૪ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ એટલે કે તા. ૬ નવેમ્બર ૨૦૨૪ થી તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તેઓની ઓનલાઇન નોંધણી ફરજીયાત છે, જે માટે  સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂતમિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

---

- પીટીસી- ગાંધીનગર –હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Gujarat Vidyapith

ગૂજરાત વિદ્યાપીઠનો 105મો સ્થાપના દિવસ ઉજવાઇ રહ્યો છે. ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસમાં પહેલીવાર બે દિવસનો કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. ત્યારે ગઇકાલે એટલે કે સ્થાપના દિને રાજ્યપાલ અને કુલાધિપતિ આચાર્ય દેવવ્રત, મંડળના ટ્રસ્ટીઓ સહિત ગાંધીજનોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમની ઉજવણી શરૂ થઇ હતી.

પ્રાણજીવન વિધાર્થી ભવનમાં કુલપતિ ડો. હર્ષદ પટેલના હસ્તે ધ્વજવંદન સાથે ધ્યેયોનું પ્રતિજ્ઞાવાંચન સાથે કા૦ર્યક્રમનો આરંભ થયો હતો. ગૂજરાત વિધાપીઠના એક સૈકાથી વધુના સામાજિક દાયિત્વ વિશે વિધાપીઠ મંડળના સભ્યોએ અવલોકનો રજૂ કર્યા હતા. વિવિધ ચાર વિષયો ઉપર તજજ્ઞો દ્વારા વિમર્શ યોજાશે. આ પ્રસંગે વૈવિધ્યસભર પ્રદર્શન પણ યોજાયું છે..

સ્થાપના દિવસનો સમાપન સમારોહ આજે રાજ્યપાલ અને ગૂજરાત વિધાપીઠના અધ્યક્ષસ્થાને મોરારજી દેસાઈ મંડપમાં યોજાશે. જેમાં ગૂજરાત વિધાપીઠ વેબસાઈટ, વિભાગ માર્ગદર્શિકા, પદયાત્રા માર્ગદર્શિકા, ગૂજરાત વિધાપીઠ મંડળ સભ્ય પરિચય પુસ્તિકા, સાબરમતી સામયિક, સંવાદિતા પુસ્તક શ્રેણીનું વિમોચન કરવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યપાલશ્રી આગામી 21 થી 26 ઓકટોબર દરમિયાન યોજાનારી ગાંધી ગ્રામજીવન પદયાત્રાની ટુકડીને પ્રસ્થાન કરાવશે.

---

- અપર્ણા ખૂંટ, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# SURENDRNAGAR-RAPE CASE

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ શહેરમાં સગીરા ઉપર દુષ્કર્મના કેસમાં આઠ વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. દુષ્કર્મ આચર્યાની ફરિયાદ સગીરાની માતાએ નોંધાવતા પોલીસે દુષ્કર્મ અને પોકસો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

આ અંગે જિલ્લાના ડીવાયએસપી વિશાલ રબારીએ વધુ માહિતી આપી ..

(બાઇટ -વિશાલ રબારી -ડીવાયએસપી)

---------------------------------------------------------------------

- પીટીસી સુરેન્દ્રનગર /હેમાંગીની -(NAVIN)

# TRAIN BOOKING

ભારતીય રેલવેએ મુસાફરી માટે ટિકિટ બૂકિંગના નિયમોમાં ફેરફાર કર્યો છે. જે અનુસાર હવે 60 દિવસ પહેલા ટિકિટ બૂકિંગ કરાવી શકાશે, અગાઉ આ સમય મર્યાદા 120 દિવસની હતી.

આ નિયમ આગામી પહેલી નવેમ્બરથી લાગુ પડશે. રેલવે વિભાગના જનસંપર્ક અધિકારી પ્રદીપ શર્માએ આ અંગે વધુ માહિતી આપી.

(બાઇટ - પ્રદીપ શર્મા રેલવે જનસંપર્ક અધિકારી)

-------------------------------------------------------------------

- ડેસ્ક /સુનિતા

-(NAVIN)